તા. ૨૬.૦૯.૨૦૨૫ પાના નં. ૦૪
ગુજરાત સમાચાર, ગાંધીનગર આવૃત્તિ

### પાટનગરવાસીઓની જુની યાદો ફરી તાજી થશે

# રાજમાર્ગ ચ રોડ પરના ૫ નંબરનાં સર્કલને ફુવારા સાથે જ વિકસાવાશે

ગાંધીનગર, સોમવાર

પાટનગરના સાત ઉભા અને સાત આડા મુખ્ય માર્ગોના ક્રોસિંગ પર આવતા સર્કલો પણ એક સમયે નગરની ઓળખ હતાં. પરંતુ મેટ્રો સહિત વિકાસ યોજનાઓના ધમધમાટમાં ઝંખવાયેલા આ સર્કલોની કાયાપલટ કરવાની ફાઈલ તંત્રે ફરી ખોલી છે. તેના અંતર્ગત નગરવાસીઓની જુની યાદો પણ ફરી તાડી થવાની છે. કેમ, કે રાજમાર્ગ ચ રોડ પરના ૫ નંબરનાં સર્કલને ફુવારા સાથે જ વિકસાવવામાં આવનાર છે.

## મેટ્રો સહિત વિકાસ યોજનાઓના ધમધમાટમાં ઝંખવાયેલા નગરની ઓળખ સમાન સર્કલોની કાયાપલટ કરવાની ફાઈલ તંત્રે ફરી ખોલી

શહેરનું ચ ૫ સર્કલ મેટ્રો યોજના અંતર્ગત તોડી પડાયું ત્યાં સુધી ફુવારા સર્કલ તરીકે જ ઓળખાતુ હતું. અગાઉ ખાસ કરીને યુવાનો ફુવાર ચાલે ત્યારે ઉડતા પાણીથી ન્હાવા આવતા અને ટુવાલ, નેપકીન પણ સાથે લાવતાં. સર્કલ આસપાસ ખાણીપીણીની મોજ પણ રહેતી. પાટનગર યોજના વિભાગ દ્વારા વર્ષોથી વિવિધ સંસ્થાઓને સર્કલો ડેવલપ કરવા માટે દતક આપવાની પ્રથા છે. પરંતુ થોડા સમય પહલે ઘણા સર્કલ મહાપાલિકાને સોંપી દેવાયા છે. હવે વિભાગે ચ ૫ સર્કલ દવા બનાવતી કંપનીને દતક અપાયું છે. તેમાં ફુવારા મુકવાની શરત પણ મુકી છે. જ્યારે ઘ ૫ સર્કલ વિકસાવવાનું કામ મહાપાલિકા કરવાની છે. દરમિયાન શહેરી તંત્ર દ્વારા થોડા સમય પહેલા ગ ૧ સર્કલને સંગીતની થીમ પર અને ચ ૨ સર્કલને ન્યાયની થીમ પર વિકસાવાયું હતું. જ્યારે ચ ૩ સર્કલને સુશાશન થીમ પર વિકસાવવાનું કામ ચાલી રહ્યું છે. પોલીસ ભવન પાસેના સર્કલને પોલીસ તંત્ર દ્વારા જ ફરીવાર અને નવેસરથી વિકસાવવામાં આવનાર છે. તો સેક્ટર ૧૯ના વિસ્તારમાં પુનિતવન નજીકનું માર્ગ નંબર ૪ બી પરનું સર્કલ એસબીઆઇ વિકસાવશે. જ્યારે ચિલ્ડ્રન યુનિવર્સિટી અન્યત્ર ખસેડાતાં છ ૫ સર્કલને કોસ્ટ ગાર્ડ દ્વારા દતક લઇને વિકસાવાય તેવી પુરી શક્યતા છે.